# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દાહોદ ખાતે વિશ્વ જમીન દિવસની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દાહોદ તેમજ જિલ્લા ખેતીવાડી વિભાગ, દાહોદ અને આત્મા પ્રોજેક્ટ, દાહોદના સંયુક્ત ઉપક્રમે તા. ૦૫/૧૨/૨૦૧૮ના રોજ વિશ્વ જમીન દિવસની ઉજવણી નીમીત્તે ખેડૂત શિબીરનુ આયોજન કરવામા આવેલ હતુ.

આ કાર્યક્રમમા માન. જિલ્લા વિકાસ અધિકારી, દાહોદ શ્રી. આર. કે. પટેલ, ડૉ. નાયક, જિલ્લા ખેતીવાડી અધિકારી, દાહોદ, શ્રી. એન. વી. રાઠવા, પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્મા, દાહોદ, ડૉ. શસિધરન, સંશોધન વૈજ્ઞાનિક, હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, દાહોદ અને ડૉ. એમ. એમ. ત્રિવેદી, આચાર્ય, કૃષિ ઇજનેરી પોલીટેકનીક, દાહોદ, ડૉ. આર. રાધા રાની, ઇ/ચા વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કે.વિ.કે., આ.કૃ.યુ., દાહોદ, તેમજ કે.વિ.કે. દાહોદના વૈજ્ઞાનિકો, જિલ્લાના ખેતીવાડી અધિકારીશ્રીઓ, ગ્રામ સેવકો અને પ્રગતીશીલ ખેડૂતો અને ખેડૂત મહીલાઓ હાજર રહેલ. કાર્યક્રમની શરૂઆત આવેલ મહેમાનોના શાબ્દિક ઉદ્‌બોધન અને ત્યાર બાદ ફુલોની કલગી આપીને કરવામા આવેલ.

ડૉ. નાયક દ્વારા સોઇલ હેલ્થ કાર્ડની અગત્યતા, શ્રી. એન. વી. રાઠવાએ જુદા જુદા પાકોમાં જરૂરી તત્વોની ઉણપથી થતી અસરો, ડૉ. એમ. એમ. ત્રિવેદીએ કૃષિ યાંત્રીકીકરણથી જમીનની માવજત  પ્રો. એન. કે. રાઠોડ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ)એ કે.વિ.કે. દ્વારા કરવામા આવતા જમીન ચકાસણી વિશે અને પ્રો, જી. કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ સિક્ષણ) દ્વારા આ.કૃ.યુ. દ્વારા ઉત્પાદન કરવામા આવતા જૈવિક ખાતરો વિશે ખેડૂતોને માહિતગાર કરવામા આવેલ.

કાર્યક્રમ પ્રગતીશીલ ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડનુ વિતરણ તેમજ જમીન ચકાસણીની મીની કીટ દ્વારા જીવંત પધત્તી નિદર્શનનું આયોજન પણ કરવામા આવેલ, આ કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો. એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત) દ્વારા કરવામા આવેલ. આ કાર્યક્રમમાં કુલ ૨૭૮ ખેડૂત ભાઇઓ અને બહેનોએ ઉત્સાહ પુર્વક ભાગ લીધેલ.


વિશ્વ જમીન દિવસ
ખેડૂત તાલીમ શિબિર
તારીખ : ૫ ડીસેમ્બર, ૨૦૧૮


વિશ્વ જમીન દિવસ
ખેડૂત તાલીમ શિબિર


વિશ્વ જમીન દિવસ
ખેડૂત તાલીમ શિબિર
તારીખ : ૫ ડીસેમ્બર, ૨૦૧૮


વિશ્વ જમીન દિવસ
ખેડૂત તાલીમ શિબિર


(ASPIRATIONAL DISTRICT, DAHOD)
વિશ્વ જમીન દિવસ
ખેડૂત તાલીમ શિબિર
તારીખ : ૫ ડીસેમ્બર, ૨૦૧૮

